P.07



શહેનાઝે કુદરતી વસ્તુઓનો ઉપયોગ કરીને ૫૫ કિલો વજન ઘટાડ્યું

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07



સોનમ કપૂરની પાર્ટીમાંથી કરીના કપૂર બહાર આવી, લોકો ચોંકી ગયા

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : ૩૦૭ I વિક્રમ સંવત ૨૦૮૧ : જેઠ સુદ ૧૫ I પાના - ૧૦ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 307 • Dt.11-06-2025 Wednesday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

ટોંકમાં બનાસ નદીમાં મોટો અકસ્માત, નહાવા ગયેલા ૧૧ યુવાનો ડૂબી ગયા I આઠના મોત 07



11
JUNE- 2025
WEDNESDAY



07 અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણય સામે રસ્તાઓ ઉપર ઘણા વિરોધ પ્રદર્શન શરૂ

**શહેરમાં ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડિમોલિશન કરવામાં આવ્યું**

સાબરમતી વિસ્તારમાં રામનગર મેટ્રો સ્ટેશન પાસે ડિમોલિશન કરાયું I અમદાવાદ શહેરમાં કુખ્યાત નઝીર વોરા પર એએમસીએ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી I અમદાવાદ શહેરમાં ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર કાર્યવાહી કરી છે, નોટિસ આપ્યા વગર ડિમોલિશન કર્યાનો આરોપ તંત્ર પર મૂકવામાં આવ્યો

# અમદાવાદમાં ડિમોલિશનની કામગીરી હાથ ધરાઈ

**ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર કાર્યવાહી કરવામાં આવી I જુહાપુરા સ્થિત ગેરકાયદેસર બાંધકામ તોડવાની કામગીરી હાથ ધરવામાં આવી I ૧૦૦૦ વાર જગ્યા પર બાંધેલા ઝુબેદા હાઉસ પોલીસ અને તંત્ર દ્વારા ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવશે**

I પ્રતિનિધિ, અમદાવાદ,તા.૧૦ I

અમદાવાદમાં સવારથી ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાબરમતી વિસ્તારમાં રામનગર મેટ્રો સ્ટેશન પાસે ડિમોલિશન કરાયું છે. લાકડાના ૪ પીઠામાં બુલડોઝર ચાલ્યું છે. શહેરમાં કુખ્યાત નઝીર વોરા પર એએમસીએ કાર્યવાહી હાથ ધરી છે.અમદાવાદ શહેરમાં ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર કાર્યવાહી કરી છે, નોટિસ આપ્યા વગર ડિમોલિશન કર્યાનો આરોપ તંત્ર પર મૂકવામાં આવ્યો છે. ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડિમોલિશન કરવામાં આવ્યું છે. અમદાવાદ શહેરમાં કુખ્યાત નઝીર વોરા પર એએમસીએ દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી છે. ગેરકાયદે બાંધકામ પર બુલડોઝર કાર્યવાહી કરવામાં આવી રહી છે. જુહાપુરા સ્થિત ગેરકાયદેસર બાંધકામ તોડવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.૧૦૦૦ વાર જગ્યા પર બાંધેલા ઝુબેદા હાઉસ પોલીસ અને તંત્ર દ્વારા ગેરકાયદે બાંધકામ તોડી પાડવામાં આવશે. અધિકારીઓ અને ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ડિમોલિશન કરાશે. કુખ્યાત આરોપી નઝીર વોરા પર ૨૯થી વધુ ગુના નોંધાયા છે.અમદાવાદ શહેરમાં અગાઉ બાંગ્લાદેશીઓના ઠેકાણા તરીકે જાણીતું ચંડોળા તળાવે થોડા સમય પહેલા ઘૂસણખોરોના ઘર પર બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું. બુધવારે ૨૦ જેટલા ધાર્મિક સ્થળો દૂર કરવામાં આવ્યા હતા. ફેઝ-૧માં કુખ્યાત લલ્લુ બિહારીના આશિયાના પર સરકારનું બૂલડોઝર ફરી વળ્યું હતું.



### કુખ્યાત આરોપી નઝીર વોરા પર ૨૯થી વધુ ગુના નોંધાયા

ફેઝ-૨માં ચંડોળા તળાવનું ડિમોલિશન હાથ ધરવામાં આવ્યું હતું.ચંડોળા ઘણા સમયથી બાંગ્લાદેશીઓ ગેરકાયદેસર રહેતા હતા. ફેઝ-૨માં આખા ચંડોળા તળાવની ફરતે ડિમોલિશન કરાશે. પોલીસ કમિશ્નરે એએમસી કમિશ્નર સાથે તમામ ચર્ચા કરી છે. જેમાં ૩૦૦૦ પોલીસ કર્મીઓ અને ૨૫ એસઆરપી ટીમ તૈનાત રહેશે. ફેઝ-૧માં ૧.૫૦ લાખ ચોરસ મીટર એરિયાનો સફાયો કરાયો હતો. ફેઝ-૨માં ૨.૫૦ લાખ ચોરસ મીટર દબાણ હટાવાશે. અમદાવાદમાં સવારથી ડિમોલિશનની કામગીરી હાથ ધરવામાં આવી છે. સાબરમતી વિસ્તારમાં રામનગર મેટ્રો સ્ટેશન પાસે ડિમોલિશન કરાયું છે.

**સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી**

# પાટણમાં વૃંદાવન બંગ્લોઝમાં વૃદ્ધ મહિલાની નિર્મમ હત્યા કરાતા ચકચાર મચી ગઈ

**ચોમાસાની ઋતુ દરમિયાન ભારે વરસાદને પરિણામે રાજ્યના શહેરી વિસ્તારોના રસ્તાઓને ભારે નુકસાન થવું સંભવિત**

I પ્રતિનિધિ, પાટણ, તા.૧૦ I

પાટણમાં વૃંદાવન બંગ્લોઝમાં વૃદ્ધ મહિલાની નિર્મમ હત્યા કરાતા ચકચાર મચી ગઈ છે. રાત્રિનાં સમયે વૃદ્ધ મહિલાનું ગળું દબાવી હત્યા કરી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી, પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.પાટણમાં વૃંદાવન બંગ્લોઝમાં વૃદ્ધ મહિલાની નિર્મમ હત્યા કરાતા ચકચાર મચી ગઈ છે. રાત્રિનાં સમયે વૃદ્ધ મહિલાનું ગળું દબાવી હત્યા કરી આરોપીઓ ફરાર થઈ ગયા હતા. ગોદાવરીબેન પરમાર નામની મહિલાની હત્યા કરાતા ઘટનાને પગલે એસપી સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો છે.એલસીબી,એસઓજી સહિતની પોલીસ ટીમ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. પાટણના સાંતલપુરના જાખોત્રા ગામે વૃદ્ધની હત્યાનો ચકચારજનક બનાવ બન્યો હતો. હત્યાના પગલે પાટણ પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે ગણતરીના દિવસોમાં જ હત્યાનો ગુનો ઉકેલી નાખ્યો હતો. પાટણ પોલીસે હત્યાના ઉકેલા ગુના મુજબ આ હત્યાના કેસમાં ચોંકાવનારા ખુલાસા થયા છે. ફક્ત પ્રેમ પામવા માટે વૃદ્ધની કરપીણ હત્યા કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં આ કેસને લઈને ચોંકાવનારા ખુલાસા થયા છે.

આંચકાજનક વાત તો એ છે કે આ ફિલ્મ માટે દ્રશ્યમ ફિલ્મનો આધાર લેવામાં આવ્યો છે. વૃદ્ધની પડોશમાં રહેતા પ્રેમી-પ્રેમિકાએ વૃદ્ધને મારી નાખવાનો પ્લાન બનાવ્યો હતો.






લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


## વડોદરામાં હાથીખાનાની બેકરીમાં ચાઈલ્ડ લેબરનું રેસ્ક્યુ, બેકરી સંચાલકની ધરપકડ

| પ્રતિનિધિ, વડોદરા, તા.૧૦ |

વડોદરામાં બાળમજૂરી સામે ઝુંબેશ દરમિયાન વધુ એક બાળમજૂરનું રેસ્ક્યુ કરી તેની પાસે મજૂરી કરાવનાર સંચાલકની ધરપકડ કરવામાં આવી છે.વડોદરા પોલીસના એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ દ્વારા બાળ મજૂરોને શોધી તેમને મુક્ત કરાવવાનું અને તેમનો વિકાસ થાય તેની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. જે દરમિયાન સંચાલકો સામે કેસ કરવામાં આવતા હોય છે.હાથીખાના વિસ્તારના તુલસીવાડી એપાર્ટમેન્ટમાં સુમન બેકરીમાં આવી જ રીતે બાળ મજુર રાખવામાં આવતા હોવાની માહિતી મળતા પોલીસની ટીમે દરોડો પાડયો હતો. જે દરમિયાન એક સગીર મળી આવતા તેનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. પોલીસે બેકરીના સંચાલક રવિશંકર અનંતરામની ધરપકડ કરી હતી.

## રખડતી ગાયો પકડનાર વડોદરા કોર્પોરેશનની ટીમ સાથે ગેરવર્તણુક કરી ગાય છોડાવી જતા ફરિયાદ

| પ્રતિનિધિ, વડોદરા, તા.૧૦ |

વડોદરાના સુભાનપુરા વિસ્તારમાં ગાયો પકડવા ગયેલી કોર્પોરેશનની ટીમ સાથે ઘર્ષણ કરી માતા અને પુત્ર ગાય છોડાવી જતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે. પોલીસના જણાવ્યા પ્રમાણે સવારે સુભાનપુરાની બીએસએનએલ ઓફિસમાં ગાયો ગંદકી કરતી હોવાથી કામગીરી કરવા માટે કોર્પોરેશનની મદદ માગતા એક ટીમ પોલીસ સાથે સ્થળ પર પહોંચી હતી અને બે ગાય પકડી હતી. જે પૈકી એક ગાય અર્બુદાનગર પાસે બાંધી હતી. કોર્પોરેશનની ટીમ પોલીસ સાથે બીજા ઢોર પકડવાની કામગીરી કરી રહી હતી તે દરમિયાન ભાવેશ ફુલાભાઈ રબારી અને તેની માતા આવી ગયા હતા અને પોલીસની હાજરીમાં ટીમ સાથે ગેરવર્તન કરી બાંધેલી ગાયની દોરી કાપી જબરજસ્તી છોડાવી ગયા હતા. આ અંગે કોર્પોરેશનની ફરિયાદને આધારે ગોરવા પોલીસે માતા પુત્ર સામે ગુનો નોધી તપાસ હાથ ધરી છે.


### રાજકોટમાં કોરોનાથી ૫૫ વર્ષના દર્દીનું મોત

# ગુજરાતમાં કોરોના કેસનો આંકડો એક હજારને પાર

### રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૩૫ નવા કેસ નોંધાયા

| પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૦ |

ગુજરાતમાં ફરી એકવાર કોરોનાના સંક્રમણે માથુ ઉંચક્યું છે. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૧૦૦ને પાર પહોંચી છે. ત્યારે કોરોનાથી રાજકોટમાં પહેલું મૃત્યુ નોંધાયું છે. સોમવારે (નવમી જૂન) સિવિલ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન ૫૫ વર્ષીય આધેડનું કોરોનાથી મોત થયું હતું. છેલ્લા ચાર દિવસથી તેમનામાં કોરોનાના લક્ષણો હતા. આ ઉપરાંત મૃતકને ડાયાબિટીસ સહિત અન્ય બિમારીઓ પણ હતી. નોંધનીય છે કે, રાજકોટ શહેરમાં કોરોનાના કુલ કેસનો આંકડો પહોંચ્યો ૧૦૦ને પાર પહોંચ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૩૫ નવા કેસ નોંધાયા છે. જેને લઈને રાજ્યમાં એક્ટિવ કેસની સંખ્યા ૧૧૦૯ પર પહોંચી ગઈ છે. જેમાંથી ૩૩ હૉસ્પિટલમાં દાખલ છે, જ્યારે ૧૦૭૬ દર્દી હોમ આઈસોલેશનમાં છે. આ સિવાય ૧૦૬ દર્દી સાજા થતાં તેમને ડિસ્ચાર્જ કરાયા છે.કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું કે, ભારતમાં સક્રિય કોવિડ-૧૯ દર્દીઓની સંખ્યા ૬,૪૯૧ પર પહોંચી ગઈ છે. સૌથી રાહતની વાત એ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કોઈ દર્દીનું મોત થયું નથી અને વધુ ૬૨૪ દર્દીઓ સાજા થતાં ડિસ્ચાર્જ કરાયા છે. અગાઉ રવિવારે છેલ્લા ૨૪ કલાકમાં ૬ દર્દીના મોત થયા હતા. આ



વર્ષે જાન્યુઆરીથી દેશમાં કોરોનાના કારણે ૬૫ લોકો મોત થયા છે. ૨૨ મે સુધી દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા ૨૫૭ હતી. વર્ષ ૨૦૨૫માં અત્યાર સુધીમાં ડેટાની વાત કરીએ તો, આ વર્ષે કુલ ૬૪૯૧ એક્ટિવ કેસ નોંધાયેલા છે, જ્યારે ૬૮૬૧ દર્દીઓ સજા પણ થયા છે. આ ઉપરાંત કોરોના સંક્રમિત કુલ ૬૫ લોકોએ જીવ ગુમાવ્યો છે.


ગુજરાતમાં ફરી એકવાર કોરોનાના સંક્રમણે માથુ ઉંચક્યું છે. રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૧૦૦ને પાર પહોંચી છે. ત્યારે કોરોનાથી રાજકોટમાં પહેલું મૃત્યુ નોંધાયું છે. સોમવારે (નવમી જૂન) સિવિલ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન ૫૫ વર્ષીય આધેડનું કોરોનાથી મોત થયું હતું. છેલ્લા ચાર દિવસથી તેમનામાં કોરોનાના લક્ષણો હતા. આ ઉપરાંત મૃતકને ડાયાબિટીસ સહિત અન્ય બિમારીઓ પણ હતી. નોંધનીય છે કે, રાજકોટ શહેરમાં કોરોનાના કુલ કેસનો આંકડો પહોંચ્યો ૧૦૦ને પાર પહોંચ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૨૩૫ નવા કેસ નોંધાયા છે.


## નડિયાદના મહોળેલ ગામમાં વીજ ધાંધિયાથી ગ્રામજનોને હેરાનગતિ

| પ્રતિનિધિ, નડિયાદ, તા.૧૦ |

નડિયાદ તાલુકાના મહોળેલ ગામમાં છેલ્લા ઘણા સમયથી વીજળીના ધાંધિયાથી ગ્રામજનો ત્રસ્ત બન્યા છે. ત્યારે ગામમાં વીજ વપરાશને ધ્યાનમાં લઈ નવું વીજ ટ્રાન્સફોર્મર નાખવા તેમજ બે વાયરમેનની નિમણૂક કરવાની માંગણી સાથે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છે.રજૂઆતમાં જણાવ્યું છે કે, નડિયાદ તાલુકાના મહોળેલ ગામમાં છેલ્લા કેટલાક સમયથી વારંવાર હાઈ-લા વોલ્ટેજ, અચાનક વીજ પુરવઠો ખોરવાઈ જતા ગ્રામજનોને ભારે હેરાનગતિ વેઠવી પડે છે. એમજીવીસીએલના વાયરમેન ન હોવાથી જેસીબી મશીન બોલાવી જીવના જોખમે ચઢી પંચાયતના વાયરમેન દ્વારા વીજપુરવઠો ચાલુ કરવામાં આવ્યો હતો. વીજ ધાંધિયા અંગે એમજીવીસીએલ ચકલાસી સબ સ્ટેશનમાં રજૂઆતો કરવા છતાં કોઈ પગલાં લેવાયા નથી. તાજેતરમાં ગામના ગાંધી ચોક, બસ સ્ટેન્ડ, જાધવ ફળિયા વિસ્તારમાં અનેક ઘરોમાં ટેલિવિઝન, ફ્રિજ, પંખા ઘરઘંટી અને અન્ય જરૂરી ઉપકરણોને નુકસાન થયું હતું. ત્યારે એમજીવીસીએલ દ્વારા વીજ ગ્રાહકોને ઉપકરણોના નુકસાનનું વળતર ચૂકવવાની માંગણી પણ કરાઈ છે. ગામની વસ્તી આશરે ૧૫,૦૦૦ જેટલી છે. જેથી મહોળેલ ગામમાં વીજ પુરવઠાને સુધારવા માટે ત્વરિત નવી અને મજબૂત વીજ લાઈન નાંખવા, જરૂર હોય તો નવા ટ્રાન્સફોર્મર, નવું સબ-સ્ટેશન, અને બે વાયરમેનની નિમણૂક કરવાની ગ્રામજનો સહિતનાની માંગણી છે.

### ૫ લાખના ખર્ચે ખરીદવામાં આવેલ ગેસ એનેસ્થેસિયા મશીન, ઇલેક્ટ્રો કોટરી મશીન અને અન્ય સંલગ્ન સાધનોનું લોકાર્પણ કરવામાં આવ્યું

# વડોદરા શહેરમાં કમાટીબાગના ઝૂમાં પશુ પંખીઓની સર્જરી માટે નવી મશીનરી લવાઈ

| પ્રતિનિધિ, વડોદરા, તા.૧૦ |

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના કમાટીબાગ સ્થિત ઝૂ ખાતે પક્ષીઓ તથા નાના પ્રાણીઓની સારવાર (સર્જરી) માટે ૫ લાખના ખર્ચે ખરીદવામાં આવેલ ગેસ એનેસ્થેસિયા મશીન, ઈલેક્ટ્રો કોટરી મશીન અને અન્ય સંલગ્ન સાધનોનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

ગેસ એનેસ્થેસિયા મશીનમા ગેસનો ઉપયોગ કરી અલગ અલગ વજનના પશુ-પંખીઓને એનેસ્થેસીયા આપી સર્જરી કરી શકાશે. બચ્ચાઓ માટે ઈન્ક્યુબેશન કીટ પણ લેવામાં આવી છે. એડવાન્સ ક્વોટરી સિસ્ટમ વીથ વેસલ સીલર દ્વારા પશુ પંખીમાં હેમરેજ અને લોહીની નસોમાંથી થતા બ્લીડીંગ કન્ટ્રોલ કરવામાં મદદ મળશે. સેન્ટ્રલ ઝુ ઓથોરિટીની ગાઈડ લાઈન મુજબ ઝૂ વેટ વેટરીનરી હોસ્પિટલમાં ઈન્ક્યુબેટર બ્રુડર તથા મેટીંગ માટેની સુવિધા પણ રાખવામાં આવી છે. અત્યાર સુધી આ હોસ્પિટલમાં સર્જરીના સાધનો બીજા શહેરની કોઈ સંસ્થા દ્વારા ઉપલબ્ધ કરાવતા હતા. એ સાધનો અહીં આવે ત્યારબાદ સર્જરી કરવામાં આવતી હતી. સર્જરી દરમિયાન પશુ પંખીને એનેસ્થેસિયા ઈન્જેક્શનથી અપાતું હતું. જેમાં ઘણીવાર સર્જરી દરમિયાન પશુ પંખી ભાનમાં આવી જતા હતા. ક્યારેક તો પ્રાણીઓ સારવાર કરી રહેલા તબીબ પર હુમલો પણ કરવાનો પ્રયાસ કરતા હતા, પરંતુ ગેસ એનેસ્થેસીયા મશીન દ્વારા જરૂર પૂરતો જ ગેસ આપવામાં આવશે. હવે નાના પંખીથી માંડીને ૧૦૦ કિલો વજન ધરાવતા પ્રાણીનું પણ ઓપરેશન કરવા સુવિધા ઉપલબ્ધ થશે. હજુ એક્સ-રે અને સોનોગ્રાફી માટે જે કોઈ મશીનની જરૂર હશે તે પણ લાવવામાં આવશે, તેમ મેયરએ જણાવ્યું હતું. આ મશીનરી મેયરની ગ્રાન્ટમાંથી લાવવામાં આવી છે.




વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન હસ્તકના કમાટીબાગ સ્થિત ઝૂ ખાતે પક્ષીઓ તથા નાના પ્રાણીઓની સારવાર (સર્જરી) માટે ૫ લાખના ખર્ચે ખરીદવામાં આવેલ ગેસ એનેસ્થેસિયા મશીન, ઈલેક્ટ્રો કોટરી મશીન અને અન્ય સંલગ્ન સાધનોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.


## વડોદરામાં રાત્રી બજારમાં ભેલપુરીની દુકાને નોકરી કરતા યુવકને બે શખ્સોએ ફટકાર્યો

| પ્રતિનિધિ, વડોદરા, તા.૧૦ |

વડોદરા ગોરવા વિસ્તારમાં રહેતા અને રાત્રી બજાર ખાતે રાજસ્થાન ભેલ પાણીપુરીની દુકાને નોકરી કરતા યુવકને બે શખ્સોએ તો અમને લુખ્ખા કેમ કહેતો હતો તેમ કહીને માર માર્યા બાદ પટ્ટાથી હુમલો કર્યો હતો. યુવકને લોહી લુહાણ હાલતમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. ત્યારે કપાળના ભાગે પાંચ ટાંકા આવ્યા હતા. યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને શખ્સ વિરુદ્ધ કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના ગોરવા વિસ્તારમાં આવેલી શાલીમાર પાર્ક સોસાયટીમાં રહેતા મોહમદ હારુન સમસુલ કમરખાને ફરિયાદ નોંધાવી છે કે રાત્રી બજાર પાસે રાજસ્થાન ભેલ પુરીની દુકાનમાં નોકરી કરી મારું ગુજરાન ચલાવુ છું. ગત આઠ જૂનના રોજ બપોરના ત્રણેક વાગ્યાની આસપાસ મારા મિત્ર શમશાદખાનની માહિ સલૂનની દુકાન ગોરવા ખાતે હોય હું હેર મસાજ કરવા માટે ગયો હતો. તે દરમ્યાન તેના સલૂનમાં બબલુ તથા શેરા દારૂ પીધેલી હાલતમાં સલૂનમાં બેઠા હતા અને મોટે મોટેથી વાતો કરતા હતા. જેથી મેં મારા મિત્ર શમશાદખાનને જણાવેલ કે તારી સલૂનની દુકાને આવા ફાલતુ લુખ્ખાઓને કેમ બેસાડે છે તેવું કહી હું હેર મસાજ કરીને તેની સલુનમાંથી મારા ઘરે જતી રહયો હતો.

## કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીનો ગૃહ ક્લેશ ફરી જાહેરમાં સામે આવ્યો

| પ્રતિનિધિ, આણંદ, તા.૧૦ |

કોંગ્રેસ નેતા ભરતસિંહ સોલંકીનો ગૃહ ક્લેશ ફરી જાહેરમાં સામે આવ્યો છે. ભરતસિંહના પત્ની રેશ્મા અને ભરતસિંહના સ્ત્રી મિત્ર રિદ્ધિ રાજપૂત સામ-સામે આવ્યા છે. આણંદ વિદ્યાનગર રોડ પર જાહેરમાં બંને સામ-સામે આવ્યા છે. રિધ્ધિ રાજપૂત અને રેશ્મા પટેલ વચ્ચે જાહેરમાં વાકયુદ્ધ થયાની ચર્ચા! તથા બંને વચ્ચે ઉગ્ર બોલાચાલીની ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.આઈસ્ક્રીમ પાર્લર બહાર રેશ્મા પટેલે રિદ્ધિ રાજપૂતને ધમકાવી હોવાની ચર્ચા છે. જેમાં રેશ્મા પટેલ રિદ્ધિ રાજપૂતને ધમકાવતી હોવાના ઝઝૂફ સામે આવ્યા છે. રેશ્માના મોબાઈલમાં વીડિયો રેકોર્ડિંગ કે વીડિયો કોલ ચાલુ હોય તેવુ જોવા મળ્યું છે. ઘટના અંગેની પોલીસે હજુ સુધી કોઈ સત્તાવર માહિતી આપી નથી.અગાઉ પણ રેશ્માએ ભરતસિંહ અને રિદ્ધિને માર મારી આક્રોશ ઠાલવ્યો હતો. જેના વીડિયો પણ સોશિયલ મીડિયામાં ખૂબ વાઈરલ થયા હતા. ફરીથી જાહેરમાં રેશ્મા અને રિદ્ધિની બોલાચાલી ચર્ચામાં આવી છે. મોડી રાત્રે ભરતસિંહને સ્ત્રી મિત્રને પોલીસ મથકે લઈ જવાની ફરજ પડી હતી. જેમાં રિદ્ધિ રાજપુતે રેશ્મા પટેલ વિરુદ્ધ અરજી આપી હોવાનું જાણવા મળ્યુ છે. ભરતસિંહ સોલંકી અને રેશ્મા પટેલ વચ્ચેનો વિવાદ હાલ કોર્ટ હેઠળ છે.





### ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આ બંનેમાંથી એક-એક બેઠક અનુક્રમે આપ અને ભાજપે જીતી હતી

# જૂનાગઢની વિસાવદર બેઠક પરથી ૧૮ વર્ષથી કમળ ખીલ્યું નથી ; ભાજપ માટે પ્રતિષ્ઠાનો જંગ

## આપ ઉમેદવાર વિસાવદર બેઠક પરથી જીત્યા હતા પરંતુ બાદમાં તેઓ ભાજપમાં જોડાયા હતા

। પ્રતિનિધિ, જૂનાગઢ,તા.૧૦ ।

૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આ બંનેમાંથી એક-એક બેઠક અનુક્રમે આપ અને ભાજપે જીતી હતી. ગત વખતે આપ ઉમેદવાર વિસાવદર બેઠક પરથી જીત્યા હતા પરંતુ બાદમાં તેઓ ભાજપમાં જોડાયા હતા. તેથી, આ બેઠક પર ચૂંટણી યોજાઈ રહી છે. આપે આ બેઠક પરથી તેના ભૂતપૂર્વ ગુજરાત પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયાને મેદાનમાં ઉતાર્યા છે.આપમાં તેમનું મહત્વ એ વાત પરથી લગાવી શકાય છે કે તેમનું ફોર્મ ભરાવવા અરવિંદ કેજરીવાલ ખુદ દિલ્હીથી આવ્યા હતા. ભાજપે આ બેઠક પરથી કિરીટ પટેલને મેદાનમાં ઉતાર્યા છે. નીતિન રાણપરિયા કોંગ્રેસ તરફથી ચૂંટણી લડી રહ્યા છે.



૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપે રાજ્યની ૧૮૨ બેઠકોમાંથી ૧૫૬ બેઠકો જીતી હતી. પ્રદેશ પ્રમુખ સીઆર પાટીલના નેતૃત્વમાં ભાજપે આ મહાન સિદ્ધિ હાંસલ કરી હતી. આ બધું હોવા છતાં જૂનાગઢની વિસાવદર બેઠક પરથી પાર્ટીને સફળતા મળી ન હતી. આ બેઠક આમ આદમી પાર્ટીના ભૂપેશ ભાયાણીએ જીતી હતી.

છેલ્લા ૧૮ વર્ષથી ભાજપ આ બેઠક પર ચૂંટણી જીતી શક્યું નથી. તેથી જ આ વખતે પાર્ટીએ આ બેઠકને પ્રતિષ્ઠાના જંગમાં ફેરવી દીધી છે અને ચૂંટણી પ્રચારની જવાબદારી સીઆર પાટીલને સોંપી છે. આ બેઠક પર ચૂંટણી એટલા માટે થઈ રહી છે કારણ કે આપના ધારાસભ્ય ભૂપેશ ભાયાણી વિધાનસભા બેઠક પરથી રાજીનામું આપીને ભાજપમાં જોડાયા હતા.

એક સમયે આ બેઠક ભાજપના દિગ્ગજ નેતા કેશુભાઈ પટેલનો મતવિસ્તાર હતો. ગઈ વખતે ભાજપ આ બેઠક સાત હજાર મતોથી હારી ગયું હતું. આ વખતે આ બેઠક ભાજપ માટે પ્રતિષ્ઠાનો વિષય બની ગઈ છે કારણ કે અરવિંદ કેજરીવાલે આ બેઠક પરથી ચૂંટણી લડી રહેલા પોતાના નેતા ગોપાલ ઈટાલિયાને ગુજરાતમાં આપના હીરો ગણાવ્યા અને ભાજપને પડકાર ફેંક્યો.

મહેસાણા જિલ્લાની કડી બેઠકનો ૨૦૦૯માં અનામત શ્રેણીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. તે પહેલા ભાજપના દિગ્ગજ નેતા અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ અહીંથી ચાર વખત ચૂંટણી જીતી ચૂક્યા છે. કડી બેઠક પર ચૂંટણી યોજાઈ રહી છે કારણ કે અહીંથી ભાજપના ધારાસભ્ય કરસનભાઈ સોલંકીનું અવસાન થયું હતું. આ કારણે આ બેઠક ખાલી પડી હતી.

ભાજપે અહીંથી રાજેન્દ્ર ચાવડાને મેદાનમાં ઉતાર્યા છે. કોંગ્રેસે કડીથી રમેશ ચાવડાને ટિકિટ આપી છે. રમેશ ચાવડાએ ૨૦૧૨માં કડીથી ચૂંટણી જીતી હતી. ૨૦૧૭માં કરસનભાઈ સોલંકીએ આ બેઠક જીતી હતી. આપે અહીંથી જગદીશ ચાવડાને મેદાનમાં ઉતાર્યા છે. વિસાવદર અને કડી બેઠકો માટે મતગણતરી ૨૩ જૂને થશે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં આ બંનેમાંથી એક-એક બેઠક અનુક્રમે આપ અને ભાજપે જીતી હતી. ગત વખતે આપ ઉમેદવાર વિસાવદર બેઠક પરથી જીત્યા હતા પરંતુ બાદમાં તેઓ ભાજપમાં જોડાયા હતા. તેથી, આ બેઠક પર ચૂંટણી યોજાઈ રહી છે.

### ગેરકાયદે જમીન પચાવી પાડવાના આરોપો સહિત ૨૯થી વધુ ગંભીર ગુના નોંધાયેલા

# અમદાવાદનામાં બુલડોઝર એક્શન । કુખ્યાત નઝીરે સરકારી જમીન પર બનાવેલું ફાર્મ હાઉસ તોડી પડાયું

। પ્રતિનિધિ, કપડવંજ, તા.૯ ।

અમદાવાદના જુહાપુરામાં મંગળવારે (૧૦ જૂન) સવારે મુખ્ય માર્ગની બાજુમાં સરકાર જમની પર આવેલા ગેરકાયદે ઝુબેદા હાઉસની તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યું છે. કથિત રીતે ઈતિહાસકાર નઝીર વોરા દ્વારા બનાવેલી તેમજ સંચાલિત આ મિલકત છેલ્લાં ઘણા સમયથી તપાસ હેઠળ હતી. કડક પોલીસ સુરક્ષા બંદોબસ્ત હેઠળ આ મિલકત તોડી પાડવામાં આવી હતી. કાયદો અને વ્યવસ્થા ન ખોરવાય તે માટે વરિષ્ઠ અધિકારીઓને પણ તૈનાત કરવામાં આવ્યા હતા. અધિકારીઓએ પુષ્ટિ કરી હતી કે, આ મિલકત ૨૦,૦૦૦ ચોરસ ફૂટમાં સરકારી જમીન પર દબાણ કરીને બનાવવામાં આવી હતી, જેને નઝીર વોરા દ્વારા વોરા ફાર્મહાઉસના રૂપે બનાવી હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, વોરાએ આ જગ્યાએ બાળકો માટે મનોરંજનની સુવિધા પણ ઊભી કરી હતી. આ સિવાય તે આ ફાર્મહાઉસને લગ્ન સમારોહ અને અન્ય પારિવારિક ઈવેન્ટ માટે ભાડે આપતો હતો. અધિકારીએ જણાવ્યું કે, આ જમીન સરકારી હોવા છતાં, તેનો વેપાર માટે ઉપયોગ કરવામાં આવતો હતો. મળતી માહિતી મુજબ, નઝીર વોરાનો લાંબો ગુનાઈત રેકોર્ડ છે, તેની સામે હત્યા, હત્યાનો પ્રયાસ, અપહરણ, ખંડણી, હુમલો અને ગેરકાયદે જમીન પચાવી પાડવાના આરોપો સહિત ૨૯થી વધુ ગંભીર ગુના નોંધાયેલા છે.

## ફર્નિચરના કામમાં છેતરપિંડી કરનાર વડોદરાના હોમ ઇન્ટિરિઓના સંચાલકની ધરપકડ

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૦ ।

વડોદરામાં ફ્લેટમાં ફર્નિચરનું કામ કરવાનો કોન્ટ્રાક્ટ લીધા બાદ છેતરપિંડી કરનાર વડોદરાના હોમ ઈન્ટિરિઓના સંચાલકની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.ગાંધીનગરના સરગણા ખાતે ફ્લેટ ધરાવતી વ્યક્તિએ સોશિયલ મીડિયા પર હોમ ઈન્ટિરિઓ નામની સાઈટ જોઈ વડોદરાના હેરીન પંચાલનો સંપર્ક કર્યો હતો. હેરીને ૮.૮૦ લાખનો કોન્ટ્રાક્ટ લઈ ૨.૪૧ લાખ રૂપિયા લઈ લીધા હતા. પરંતુ ત્યારબાદ તેને કામ નહીં કરતા મકાન માલિકે ગાંધીનગરમાં પોલીસ ફરિયાદ કરી હતી. જે ફરિયાદના આધારે વડોદરા ક્રાઈમ બ્રાન્ચે હેરીન નરેશભાઈ પંચાલ (ચિત્રાનગર, દંતેશ્વર, હાલ રહે યોગી અમૃત એપાર્ટમેન્ટ, નુતન ભારત સોસાયટી, અલકાપુરી)ની અટકાયત કરી ગાંધીનગર પોલીસને સોપવા તજવીજ કરી છે. વડોદરામાં ફ્લેટમાં ફર્નિચરનું કામ કરવાનો કોન્ટ્રાક્ટ લીધા બાદ છેતરપિંડી કરનાર વડોદરાના હોમ ઈન્ટિરિઓના સંચાલકની ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કરી છે.ગાંધીનગરના સરગણા ખાતે ફ્લેટ ધરાવતી વ્યક્તિએ સોશિયલ મીડિયા પર હોમ ઈન્ટિરિઓ નામની સાઈટ જોઈ વડોદરાના હેરીન પંચાલનો સંપર્ક કર્યો હતો.

## કપડવંજમાં ત્રિપલ અકસ્માતમાં કન્ડક્ટર અને નિવૃત્ત ડ્રાઈવરના મોત

। પ્રતિનિધિ, કપડવંજ, તા.૧૦ ।

કપડવંજમાં દૂધાથલ ગામ પાસે ગમખ્વાર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. બાયડથી મુસાફરોને ભરીને આવતી કપડવંજ એસટી ડેપોની બસ, ટ્રક અને ડમ્પર વચ્ચેના અકસ્માતમાં બસના કન્ડક્ટર અને એસટી નિગમના નિવૃત્ત ડ્રાઈવરનું ઘટના સ્થળે જ મોત થયું હતું. નવ ઈજાગ્રસ્ત મુસાફરોને સારવાર માટે ખસેડાયા હતા. અકસ્માત બાદ ટ્રક અને ડમ્પરના ચાલકો ફરાર થઈ ગયા હતા.કપડવંજ એસટી બસ ડેપોની કપડવંજ- બાયડ લોકલ બસ બાયડથી કપડવંજ તરફ મુસાફરોને લઈને આવી રહી હતી. એસટી બસ દૂધાથલ ગામના પાટિયા પાસે સવારે ૧૦.૩૫ કલાકે પહોંચી હતી. ત્યારે એસટી બસ અને બે ડમ્પર ધડાકાભેર ટકરાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ત્રિપલ અકસ્માત એટલો ભયાવહ હતો કે, કપડવંજ તરફ આવતી બસ બાયડ તરફની દીશા બાજુ ફરી ગઈ હતી. જ્યારે બંને ડમ્પરો ફંગોળાઈને રોડની સાઈડ પર ઉતરી ગયા હતા. અકસ્માતમાં ઘટના સ્થળે જ એસટી બસના કન્ડક્ટર સંજયસિંહ અર્જૂનસિંહ બિહોલા (ઉં.વ.૫૨) રહે. આંબલિયારા, તા. કપડવંજ અને એસટી બસમાં મુસાફરી કરી રહેલા બાયડ ડેપોના નિવૃત્ત ડ્રાઈવર અમરસિંહ કોદરસિંહ પરમાર (ઉં.વ.૭૦) રહે. સુણદા, તાબે નિરમાલીના મુવાડા, તા.કપડવંજવાળાના મોત નિપજ્યા હતા. જ્યારે એસટી બસના ડ્રાઈવર કે.એ. પરમારને બસમાંથી કટર દ્વારા પતરું કાપી બહાર કઢાયા હતા. ગંભીર ઈજાગ્રસ્ત ડ્રાઈવરને હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરાયા હતા. અકસ્માત સર્જાતા મુસાફરોની ચિચિયારીઓથી વાતાવરણ ગમગિન બની ગયું હતું. અકસ્માતમાં સ્થાનિકો મદદે આવતા ત્વરિત ૧૦૮ મારફતે ૯ જેટલા ઈજાગ્રસ્તોને કપડવંજ સીસી સેન્ટર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.






## તંત્રી લેખ...

# દોષિત નેતાઓ વધ્યા

દેશભરમાં હાલમાં વોટબેંકની રાજનીતિ સતત ચાલી રહી છે. આ રાજનીતિના કારણે જ જુદા જુદા રાજ્યોમાં સક્રિય રહેલા જુદી જુદી રાજકીય પાર્ટીના નેતા અપરાધિકરણની દિશામાં હાલ આગળ વધી રહ્યા છે. દેશમાં અપરાધી રાજનેતાઓના કારણે ભારતીય રાજનીતિની છાપ સૌથી ખરાબ થઈ છે. અપરાધી નેતાઓ પર અંકુશ કઈ રીતે મુકવામાં આવે તેને લઈને કેટલાક નિષ્ણાંતો વારંવાર પોત પોતાના અભિપ્રાય રજૂ કરતા રહ્યા છે. જાણકાર લોકો માને છે કે ભારતીય રાજનીતિની સૌથી ખરાબ છાપ અપરાધીકરણના કારણે રહી છે. કોઈ સમય શિસ્ત અને નૈતિકતા માટે જાણીતી રહેલી રાજનીતિ આજે વોટબેંકની દિશામાં આગળ વધી છે. હવે વોટબેંકને મજબુત કરવાની નીતી અપનાવવામા આવી રહી છે. આ જ રમતના કારણે નૈતિકતાના તમામ સિદ્ધાતો આજે હવા થઈ ગયા છે. અપરાધીકરણની સ્થિતી મજબુત બની ગઈ છે. શહાબુદ્દીન જેવા લીડરો હિરો બની ગયા છે. જે લોકશાહી માટે કંલગ સન્માન છે. આ કંલકને સાફ કરવા માટે કોર્ટ દ્વારા કાયદામાં સુધારા તો કરવામાં આવ્યા છે પરંતુ કોર્ટના પગલા પુરતા નથી. ભારતીય રાજનીતિમાં રાજકીય બિરાદરી અપરાધીકરણને સુરક્ષિત રાખવા માટે કામ કરે છે. તેમની હિમ્મત એટલી હદ સુધી વધી ગઈ છે કે તે જનતાની અવગણા કરીને અપરાધીઓને પાર્ટીમાં રાખવા માટે તમામ પ્રયોગ પણ કરે છે. રાજનેતા માનવા લાગ્યા છે કે અપરાધીઓને લાવીશુ તો પણ લોકો કંઈક કરી શકશે નહી. કારણ કે સામાન્ય લોકોને આ જ લોકો પૈકી એક વ્યક્તિને પંસદ કરવાની જરૂર પડનાર છે. રાજકીય પક્ષો દ્વારા પ્રજાની નબળાઈનો લાભ લેવામાં આવી રહ્યો છે. જનતાના વિચાર, પસંદ રજૂ કરવાના અધિકાર ઓછા કરવામાં આવે તેવી માનસિકતા સાથે રાજકીય પક્ષો કામ કરે છે. ચૂટણી પાંચ વર્ષમાં એક વખત થાય છે અને પ્રજા પાંચ વર્ષમાં માત્ર એક વખત તેમના અભિપ્રાય વ્યક્ત કરે છે.ભારતમાં વ્યવસ્થા હાલમાં એક વખતે જો કોઈ નેતા જીતી ગયા તો આગામી ચૂટણી સુધી તે પ્રજાની વચ્ચે જતા નથી. પ્રજા સાથે તેના કોઈ લેવાદેવા રહેતા નથી. તેમના પ્રયાસ એ છે કે તેમની પસંદગીને મર્યાદિત કરી દેવામાં આવે. કોઈ રાજકીય પક્ષ એક વખત જો કોઈ અપરાધીને તક આપે છે અને તે જો જોડતોડ મારફતે ચૂટણી જીતી જાય છે તો ત્યારબાદ પ્રજા કઈ પણ કરી શકે નહી. રાજકીય દળો તેને સ્થાપિત કરવામાં લાગી જાય છે. દરેક રાજકીય પક્ષ ચોક્કસ પાર્ટીના લોકોના હાથમાં હોય છે. લાલુ યાદવ, શાહબુદ્દીન અને અન્ય ટોપના નેતા કેટલાક કેસોમાં ફસાયા હોવા છતાં મોટા કદના નેતા તરીકે રહ્યા છે. લાલુ હજુ આરજેડીના સૌથી મોટા નેતા તરીકે છે. રાજનીતિમાં અપરાધિકરણને રોકવા માટે તરત નક્કર પગલા લેવામાં આવે તે જરૂરી છે. સરકાર અને રાજકીય પક્ષોની ઈચ્છા વગર આ કામ શક્ય નથી.

# ગારમેન્ટસ નિકાસની સારી તક છે

કોરોના કાળમાં પ્રતિકળ સંજોગોમાં ડોલરની સામે રૂપિયામાં અવમુલ્યનનો દોર જારી રહ્યો છે. જેના કારણે એકબાજુ ભારત સરકાર અને તમામ અર્થશાસ્ત્રી ચિંતાતુર બનેલા છે. કોરોના સહિના વૈશ્વિક પરિબળોને આના માટે મુખ્યરીતે જવાબદાર ગણવામાં આવે છે. ડોલરની સામે રૂપિયાની કિંમતમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આવી સ્થિતીમાં વસ્ત્રોની નિકાસ કરનાર કારોબારીઓ અને ઉદ્યોગોને શાનદાર દેખાવ કરવા માટેની સુવર્ણ તક રહેલી છે. રૂપિયાના થઈ રહેલા અવમુલ્યન વચ્ચે ટેક્સ ટાઈલની ચીજ વસ્તુઓની આયાત કરનાર દેશો પણ ભારતમાંથી આયાતને લઈને હાલમાં પ્રાથમિકતા આપી રહ્યા છે. સાથે સાથે અમેરિકામાં વધતા જતા વેચાણના કારણે ભારતીય ટેક્સટાઈલ નિકાસકારો અને ઉદ્યોગોને શાનદાર દેખાવ કરવાની તક રહેલી છે. ભારત કેટલીક ચીજવસ્તુઓના સૌથી મોટા નિકાસકાર દેશ તરીકે છે.

ભારત કપાસના સૌથી મોટા ઉત્પાદક દેશ અને નિકાસકાર દેશ પૈકી એક છે. આ એક તથ્ય છે કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગનુ દેશના ઔદ્યોગિક ઉત્પાદનમાં ૧૧ ટકા, નિર્માણ ક્ષેત્રનુ ૧૪ ટકા યોગદાન છે. આવી જ રીતે જીડીપીમાં ચાર ટકા અને દેશની નિકાસ આવકમાં ૧૨ ટકાનુ યોગદાન રહેલુ છે. જે સાબિત કરે છે કે ભારતીય વસ્ત્ર ઉદ્યોગનુ કેટલુ મહત્વ રહેલુ છે. કોરોના મહામારી વચ્ચે સરકારે આપેલી રાહતો વચ્ચે આ ક્ષેત્રમાં રોજગારીની તક ઉભી કરવા માટેની શક્યતા પણ સૌથી વધારે છે. આ વાત જુદી છે કે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં વસ્ત્ર અને ટેક્સ ટાઈલ ઉદ્યોગ તરફથી સરકારની પ્રત્યે કેટલીક માંગ રહી છે. તેમના ટાર્ગેટ પણ પૂર્ણ થઈ રહ્યા નથી. અમેરિકાના રાષ્ટ્રીય રિટેલ એસોસિએશનના નવેસરના આંકડા દર્શાવે છે કે વર્ષ ૨૦૨૩માં અમેરિકા ટેક્સ ટાઈલ અને વસ્ત્રોના વેચાણમાં નવી ઉંચાઈ સુધી પહોંચી શકે છે. હાલના વર્ષોમાં અમેરિકામાં વસ્ત્રોનુ વેચાણ રેકોર્ડ ગતિથી વધી રહ્યુ છે. અમેરિકામાં બે મહાકાય રિટેલ સ્ટોર વોલમાર્ટ અને ટાર્ગેટ કોર્પ દ્વારા શાનદાર દેખાવ કરવામાં આવ્યો છે.

આવનાર રજાના ગાળા દરમિયાન અમેરિકામાં વસ્ત્ર આયાત વધી જવાની શક્યતા છે.આના કારણે ભારતને સૌથી વધારે નિકાસ કરવા માટેની તક મળનાર છે. ભારતમાંથી સૌથી વધારે નિકાસ અમેરિકામાં થાય છે. યુરોપિયન યુનિયનના દેશોમાં પણ વસ્ત્રોની મોટા પાયે નિકાસ કરવામાં આવે છે. રૂપિયાના સતત અવમુલ્યનના કારણે સ્થિતી સારી થઈ શકે છે. કારણ કે આયાતને પ્રાથમિકતા આપી રહેલા દેશો ભારતમાંથી વસ્ત્રોની આયાતના ઓર્ડર વધારી શકે છે. અમેરિકામાં વેચાણના આંકડા સતત વધી રહ્યાછે. આવી સ્થિતીમાં ભારતના નિકાસકારોની સ્થિતી વધારે મજબુત બની શકે છે.



### દરેક સમાજના શિક્ષિત લોકો આગળ આવીને દાખલા બેસાડી શકે છે

**દહેજ અત્યાચારના મામલામાં તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદા બાદ આને લઇને ચર્ચા જોવા મળી રહી છે સુપ્રીમ કોર્ટના ચુકાદાની વ્યાખ્યા તમામ રીતે કરવામાં આવી રહી છે**

# દહેજના દુષણો હજુ પણ અકબંધ છે

**સુપ્રીમ કોર્ટના ચુકાદા પણ ઉપયોગી છે : હવે આવા મામલાની જેમ જ ફરિયાદ થશે કે પોલીસની ભૂમિકા પહેલા જ દિવસથી શરૂ થશે**

દહેજ પ્રથાને રોકવા માટે દશકોથી તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવાછતાં આ પ્રથા આજે પણ અકબંધ રહી છે. આના કારણે મંદીના માહોલમાં પ્રતિષ્ઠ સમાજના લોકોની હાલત વધારે ખરાબ થઈ રહી છે. દહેજ પ્રથાનો હવે જોરદાર રીતે વિરોધ કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે આ પ્રથાને હવે બંધ કરવા માટે જોરદાર રજૂઆત થાય તે જરૂરી છે. સાથે સાથે સમાજમાં લગ્ન કરવા માટે ઈચ્છુક શિક્ષિત યુવાન પણ આનો વિરોધ કરીને દાખલા બેસાડી શકે છે. આનાથી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને રાહત થશે. કાયદા કાનુન અનેક હોવા છતાં દહેજ પ્રથા હજુ પ્રવર્તે છે. દહેજ અત્યાચારના મામલામાં તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ઐતિહાસિક ચુકાદા બાદ આને લઈને ચર્ચા જોવા મળી રહી છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાની વ્યાખ્યા તમામ રીતે કરવામાં આવી રહી છે. હવે આવા મામલાની ફરિયાદ જેમ જ થશે કે તરત જ પોલીસની ભૂમિકા પ્રથમ જ દિવસથી શરૂ થઈ જશે. જો કે પોલીસને કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલા માનદંડોનુ પણ પાલન કરવાનુ રહેશે. કોર્ટના ચુકાદા અને વર્તમાન સ્થિતીને લઈને હાલમાં નિષ્ણાંતો દ્વારા જુદા જુદા અભિપ્રાય વ્યક્ત કરવામાં આવ્યા છે. દહેજ અત્યાચારના કેસમાં કાયદાના બિનજરૂરી અને આડેધડ ઉપયોગને લઈને વ્યાપક ફરિયાદો થતી રહી છે. આવી સ્થિતીમાં સુપ્રીમ કોર્ટ અને કેટલીક હાઈ કોર્ટ દ્વારા સમય સમય પર ચુકાદા



આપવામાં આવ્યા છે. દહેજ અત્યાચાર સાથે સંબંધિત કેસોમાં તપાસ કરી રીતે કરવામાં આવે અને ક્યારે કેસ કઈ રીતે દાખલ કરવામાં આવે તેને લઈને હમેંશા માર્ગ દર્શિકા જારી કરવામાં આવી છે. ગયા વર્ષના એક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે પરિવાર કલ્યાણ કમિટીની જોગવાઈ કરી હતી. સાથે સાથે તેના રિપોર્ટ સુધી ધરપકડ પર પ્રતિબંધ મુકી દીધો હતો. પરંતુ હવે આવુ રહ્યુ નથી. કારણ કે સુપ્રીમ કોર્ટે તેમાં સુધારો કર્યો છે. હવે સુપ્રીમ કોર્ટે તો પરિવાર કલ્યાણ કમિટીની જોગવાઈને જ ખતમ કરી દીધી છે. પરંતુ દહેજ અત્યાચારના કેસમાં પહેલાના આપવામાં આવેલા ચુકાદાને અમલી કરવા માટે સ્પષ્ટ સુચના આપી દીધી છે. એટલે કે સુપ્રીમ કોર્ટે ગયા વર્ષના ચુકાદાથી જે રાહત પતિઓને અને તેમના પરિવારના સભ્યોને આપી હતી તે દુર કરી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે પરિવાર કલ્યાણ કમિટી કાયદા હેઠળ નથી. સાથે સાથે તે સમજુતીના આધાર પર કેસને ખતમ કરાવી શકે તેવી સ્થિતીમાં નથી.કાયદાની આ યોગ્ય વ્યાખ્યા દેખાતી નથી. કારણ કે બિન સમજુતીવાળા કેસમાં જો સેટલમેન્ટ પણ થાય છે તો કેસ હાઈકોર્ટ જ રદ કરી શકે છે. વર્ષ ૨૦૦૩માં દલ્હી હાઈકોર્ટના તત્કાલીન જસ્ટીસ જેડી કપુરે કહ્યુ હતુ કે એવી સ્થિતી જન્મ લઈ રહી છે કે યુવતિ માત્ર પતિ જ નહી બલ્કે તેમના પરિવારના સભ્યોને પણ મામલામાં લપેટી રહી છે. આ જ કારણસર લગ્નના આધાર પણ હવે હચમચી ઉઠ્યા છે. આ બાબત સમાજ માટે બિલકુલ યોગ્ય નથી. જસ્ટીસ કૈલાશ ગંભીરે પોતાના ચુકાદામાં કહ્યુ હતુ કે દહેજ અત્યાચાર કેસમાં પોલીસ લાપરવાહીથી કેસ દાખલ કરશે નહી. બલ્કે તેને પહેલા ડીસીપી રેન્કના અધિકારીની આ સંબંધમાં મંજુરી લેવાની રહેશે. કોર્ટે આને લીગલ ટેરરિઝમ તરીકે ગણીને આની ટિકા કરી છે. વર્ષ ૨૦૧૪માં સુપ્રીમ કોર્ટે આ મામલામાં એક ઐતિહાસિક નિર્ણય આપ્યો હતો. કોર્ટે કહ્યુ હતુ કે સાત વર્ષ સુધીના કેદના મામલામાં કોઈ જસ્ટીફિકેશન વગર ધરપકડ કરી શકાશે નહી. આમાં દહેજ અત્યાચાર કેસ પણ સામેલ છે. હાઈકોર્ટના વકીલ મુરારી તિવારી કહે છે કે બીજી જુલાઈ ૨૦૧૪ના દિવસે સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે સાત વર્ષ સુધીની જેલની સજાના મામલામાં યોગ્ય આધાર પોલીસ જો ધરપકડ કરે છે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવી શકે છે. સુપ્રીમ કોર્ટના જસ્ટીસ સીકે પ્રસાદ અને પીસી ઘૌષની બેંચે કહ્યુ હતુ કે કોઈની ધરપકડ માત્ર એટલા કારણસર થઈ શકે નહી કે મામલો બિનજામીનપાત્ર છે. સાથે સાથે ગંભીર છે. પોલીસને આવુ કરવાનો અધિકાર છે. ૨૭મી જુલાઈ ૨૦૧૭ના દિવસે સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદા આપ્યો હતો. જેમાં કેટલીક જોગવાઈ રદ કરી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટીસ એકે ગોયલ, જસ્ટીસ યુયુ લલિતની બનેલી બેંચે રાજેશ શર્મા વિરુદ્ધ સ્ટેટ ઓફ યુપીના કેસમાં દહેજ અત્યાચાર કેસમાં ઉંડી ચકાસણી કરી હતી. ત્યારબાદ કેટલીક માર્ગદર્શિકા જારી કરી હતી. આના ભાગરૂપે દેશભરમાં પરિવાર કલ્યાણ સમિતી બનાવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જિલ્લા લીગલ સર્વિસ ઓથોરિટીને એક કમિટી બનાવવા માટે કહેવામાં આવ્યુ હતુ. જેમાં સિવિલ સોસાયટીના લોકો અને સોશિયલ વર્કરોને સામેલ કરવા માટે કહેવામાં આવ્યુ હતુ. વ્યવસ્થા કરવામાં આવી કે જો કો દહેજને લગતી ફરિયાદ પોલીસ અથવા તો મેજસ્ટ્રેટની પાસે આવે છે તો તેને કમિટીને સોંપી દેવાની રહેશે. કમિટી ત્યારબાદ બંને પક્ષોને બોલાવશે અને જો જરૂર પડશે તો સેટલમેન્ટ કરાવશે. આ બાબતને પણ જોશે કે ફરિયાદ કેટલીક નક્કર રહેલી છે.



### બી એલર્ટ : પ્રવાસ દરમિયાન વિવિધ સંકેતોને ધ્યાનમાં લેવાની જરૂર

**હકીકતમાં લાંબા પ્રવાસ દરમિયાન ડિહાઇડ્રેશન, પગમાં દુખાવો, થાક, યાત્રા દરમિયાન હેરાનગતિ રહે છે તો પરેશાની વધે છે પ્રવાસ દરમિયાન શરીરમાં લોહીના સંચારમાં અડચણો આવે છે તો તકલીફ થાય છે**

# હાર્ટ અટેકના સંકેતની અવગણના ઘાતક

**પ્રવાસ દરમિયાન થનાર મોતમાં હાર્ટ અટેક સૌથી વધારે જવાબદાર હોવાનો દાવો તબીબો કરતા રહ્યા છે : સાવધાની ખુબ જરૂરી છે**

સામાન્ય રીતે તો હાર્ટ અટેકના સંકેતોની અવગણના ક્યારેય કરવી જોઈએ નહીં પરંતુ સફર કરતી વેળા તો સાવધાની બિલકુલ જરૂરી હોય છે. શોધ કરનાર લોકોનુ કહેવુ છે કે સફર દરમિયાન થનાર મોતના મુખ્ય કારણ તરીકે હાર્ટ અટેક હોય છે. સ્પેનમાં કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જો યાત્રા દરમિયાન હાર્ટ અટેક થાય તો સમયસર સારવાર જરૂરી હોય છે. જો સમયસર સારવાર મળી રહે તો લાંબા સમય સુધી તેના હકારાત્મક પરિણામ મળતા રહે છે. નિષ્ણાંતો કહે છે કે જો તમે સફર કરી રહ્યા છો અને આપના હાર્ટમાં દુખાવો થાય છે તો તેના લક્ષણ રહે છે. જેમ કે છાતિના હિસ્સામાં દુખાવો થાય છે.

ગળા, કમર, પેટ અથવા તો ખભામાં દુખાવો થાય છે. સાથે સાથે ૧૫ મિનિટ સુધી દુખાવો રહે તો તરત એમ્બ્યુલન્સને બોલાવી લેવાની જરૂર હોય છે. હકીકતમાં લાંબા પ્રવાસ દરમિયાન ડિહાઈડ્રેશન, પગમાં દુખાવો, થાક, યાત્રા દરમિયાન હેરાનગતિ રહે છે તો પરેશાની વધે છે. પ્રવાસ દરમિયાન શરીરમાં લોહીના સંચારમાં અડચણો આવે છે તો તકલીફ થાય છે. આ સમસ્યા હાર્ટના દુખાવાની સમસ્યા ઉભી કરી શકે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે મોટા ભાગના



લોકોને હાર્ટ અટેકનો ખતરો પ્રવાસ દરમિયાન રહે છે. અભ્યાસમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે ઘરમાં થયેલા હાર્ટ અટેકના દર્દીની તુલનામાં હાર્ટ અટેકથી મૃત્યુનો ખતરો ૪૨ ટકા ઓછો થઈ ગયો છે. સફરમાં અટેક થયા બાદ યોગ્ય અને તરત સારવાર મળ્યા બાદ દર્દીએ વહેલી તકે પોતાના તબીબનો સંપર્ક કરવો જોઈએ. જુદા જુદા પ્રકારના પોષક તત્વો ધરાવતાં ફ્રૂટ આરોગ્ય માટે ખૂબ જ ઉપયોગી રહે છે. હવે ઓસ્ટ્રેલિયામાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે સફરજન હાર્ટ સાથે સંબંધિત તકલીફોને દૂર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. હાર્ટના આરોગ્યને જાળવી રાખવામાં તે ઉપયોગી છે. કાર્ડિયો હેલ્થ સાથે સફરજનના સીધા સંબંધો રહેલા છે.

યુનિવર્સિટી ઓફ વેસ્ટન ઓસ્ટ્રેલિયામાં ફાર્મા કોલોજીમાં તબીબી વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે સફરજનમાં ઘણા પોષક તત્વો રહેલા છે. નાઈટ્રીક ઓક્સાઈડ (એનઓ) ઉત્પાદન પર સફરજનની અસરમાં અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે. આ તમામ પ્રકારના પોષક તત્વો હાર્ટ માટે ઉપયોગી સાબિત થાય છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે ઈન્ડોથેલિયમના નાઈટ્રીક ઓક્સાઈડ ઉત્પાદન કરવામાં તથા બ્લડ વિસલ સાથે સંબંધ રહેલા છે. વિટામીન પી અને સીલટ્રીન તરીકે જાણીતા ફ્લેવોનોઈડ સફરજનના સ્કીન ઉપર અસરમાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે.

નાઈટ્રી ઓક્સાઈડ નજીકના સ્નાયુઓને આરામદાયક સ્થિતિમાં રાખવામાં તથા તેમને મજબૂત બનાવવામાં ભૂમિકા ભજવે છે. આરામના પરિણામ સ્વરૂપે બ્લડ વિસલના કારણે લોહીના પ્રવાહમાં સ્થિરતા જળવાય છે. શ્રેણીબદ્ધ ટેસ્ટ કરી ચૂકેલા આરોગ્ય સાથે સંકળાયેલા નિષ્ણાંતોને આવરી લઈને અભ્યાસની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી હતી. અભ્યાસના ભાગરૂપે દિવસ બ્લેકફાસ્ટમાં સફરજન અને લંચમાં પણ સફરજનની સાથે નાળિયેર આપવાની વાત થઈ હતી.

પરિણામ દર્શાવે છે કે ફ્લેઓનોઈડથી ભરપૂર સફરજન નાઈટ્રીક ઓક્સાઈડમાં સુધારો કરે છે. ને સાથે સાથે ઈન્ડોથેલિયરની કામગીરીમાં સુધારો કરે છે. કાર્ડિયોવેસ્કુલર હેલ્થ ઉપર અસર કરનાર ફેક્ટરને પ્રભાવિત કરવામાં સફરજન ઉપયોગી છે.તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બિયર હાર્ટને સ્વસ્થ રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરે છે. અભ્યાસના આ તારણો બીયર પીનાર લોકો માટે સારા સમાચાર તરીકે છે. જો નવેસરના અભ્યાસની વાત માનવામાં આવે તો ઓછા પ્રમાણમાં અથવા તો મર્યાદિત પ્રમાણમાં બિયરનો ઉપયોગ આદર્શ તરીકે છે. આનાથી હાર્ટ સાથે સંબંધિત તકલીફનો ખતરો ઘટી જાય છે. બિયર પીવાની ટેવ ધરાવતાં ૨૦૦૦૦૦ લોકોને આવરી લઈને કરવામાં આવેલા વિશ્વવ્યાપી જુદા જુદા અભ્યાસના તારણોને ધ્યાનમાં લઈને એક પ્રકારના તારણો પ્રકાશિત કરાયા છે.

# કેટલાક લોકો તો પાર્ટ ટાઇમ નોકરી કરીને પણ એકસ્ટ્રા ઇનકમ મેળવી લેવામાં સફળ રહે છે

આધુનિક ભાગદોડના સમયમાં અને મોંઘવારીના સમયમાં દરેક પગારદાર વ્યક્તિત વધારાની આવક મેળવી લેવાના પ્રયાસ કરે છે અને આના માટે જુદા જુદા પ્રયોગો કરતા રહે છે. જાણકાર લોકો કહે છે કે વધારાની આવક અથવા તો એકસ્ટ્રા ઈનમક મેળવી લેવાના જુદા જુદા વિકલ્પ છે. પરંતુ જો ઘરે બેઠા જ ઈન્ટરનેટ મારફતે એકસ્ટ્રા પૈસા આવવા લાગી જાય તો તેના કરતા સારી બાબત શુ હોઈ શકે છે. કેટલાક લોકો પાર્ટ ટાઈમ કામ કરીને પણ જંગી આવક મેળવી લેવામાં સફળ રહે છે. પાર્ટ ટાઈમ કામ પણ જો સારી આવકની સાથે હોય તે બાબત વધારે સારી સાબિત થઈ શકે છે.

યુનિફોર્મ રિસોર્સ લોકેટર પણ એક એવુ કામ છે જેના કારણે સારી કમાણી કરી શકાય છે. આના મારફતે કેટલાક લોકોએ તો એક મહિનામાં જ હજારો રૂપિયાની કમાણી કરવા લાગી ગયા છે. અમે હમેંસા ઈન્ટરનેટ મારફતે કઈ રીતે કમાણી કરી શકાય છે તે અંગે માહિતી આપતા રહીએ છીએ. યુનિફોર્મ રિસોર્સ લોકેટરથી કમાણી કઈ રીતે કરવામાં આવે તે બાબત પણ આજે અમે ચર્ચા કરવા જઈ રહ્યા છીએ. આ ઈન્ટરનેટ મારફતે કમાણી કરવાના સૌથી લોકપ્રિય સાધન તરીકે છે. યુનફોર્મ રિસોર્સ લોકેટર શુ છે તે અંગે સૌથી પહેલા પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. આનો જવાબ એ છે કે યુનિફોર્મ રિસોર્સ લોકેટર એક એક માધ્યમ છે જેના કારણે સરળતાથી કોઈ પણ લિન્ક શેયર કરવામાં આવી શકે છે.

સોશિયલ મિડિયા પર આ ટ્રેડ પણ કરે છે. હકીકતમાં નાના યુનિફોર્મ રિસોર્સ લોકેટર લિન્કને ઈન્ટરનેટ પર સરળતાથી રિડાયરેક્ટ કરી શકાય છે. આ કોઈ પણ સંસ્થાને લોકેટ કરવામાં મદદ કરે છે. ઈન્ટરનેટ પર વાયરલ થનાર મેસેજ,વિડિયો અથવા તો ફોટો પણ તેના દ્વારા વાયરલ હોય છે. ગુગલ જેવી મોટી સંસ્થા યુનિફોર્મ રિસોર્સ લોકેટરને નાના કરવા જેવી સેવા આપે છે. ઈન્ટરનેટ મારફતે આના દ્વારા કમાણી કઈ રીતે થશે તે સીધો પ્રશ્ન છે. ઈન્ટરનેટ પર સોશિલ મિડિયા પર અમે કેટલીક ચીજો શેયર કરીએ છીએ. યુઆરએલ મારફતે કમાણી કરવા માટે જરૂર છે કે તમે યુઆરએલને નાના કરીને તેને સોશિયલ મિડિયા પર શેયર કરવામાં આવે. આપના દ્વારા શેયર કરવામાં આવેલા યુઆરએલ પર ફ્લેશ થનાર એડને જેટલા યુજર્સ નિહાળે છે તે દ્રષ્ટિથી કંપની આપને પેમેન્ટ કરે છે. લાઈક અને વિજિબિલિટીની દ્રષ્ટિએ આપની કમાણી નક્કી કરવામાં આવે છે. કઈ કંપની તક આપે છે તે અંગે પુછવામાં આવતા પ્રશ્નનો જવાબ





એ છે કે એડએફડોટ એલવાય વેબસાઈટને સૌથી વિશ્વાસપાત્ર માનવામાં આવે છે. આના કારણે તમે યુઆરએલને શોર્ટ કરીને સરળતાથી પૈસા કમાવી શકાય છે. આના પર કેટલાક ફિચર્સ રહેલા છે. તેમાં લઘુતમ પેમેન્ટ પાંચ ડોલર છે. જેની ચુકવણી પેપોલના મારફતે આપના બેંક ખાતામાં આવે છે.

આપના દ્વારા ઉભા કરવામાં આવેલા યુઆરએલ પર કેટલા હિટ્સ આવે છે તેના અંગે પણ માહિતી મળે છે. વેબસાઈટ દ્વારા નક્કી કરવામાં આવેલા યુઆરએલ પર દરેક દેશમાં અલગ અલગ રેટ નક્કી કરવામાં આવેલા છે. જે કાસ્ટ વ્યુ પર આધારિત હોય છે. ભારતમાં આ ૧.૦૯ ડોલર પ્રતિ ૧૦૦૦ વ્યુ છે.



એટલે કે ૭૦.૮૫ રૂપિયાની દ્રષ્ટિએ નાણાં ચુકવે છે. ઘેર બેઠા દરરોજ હજારો રૂપિયાની કમાણી કરી શકાય છે. એડીવી ડોટ -૨ પરથી પણ યુઆરએલને નાના કરીને એક ચોક્કસ રકમ મેળવી શકાય છે. તેમાં ખાસ બાબત એ છે કે તેના પર તમે એક વખતમાં ૧૦૦ અથવા તો તેનાથી વધારે યુઆરએલ એક સાથે નાના કરીને કામ કરી શકો છો. આ વેબસાઈટ પર પરફોર્મિંગ મીટર દ્વારા કેટલાક પગલા લેવામાં આવે છે. અલબત્ત ભારતમાં તેના દ્વારા મળતી રકમ પ્રમાણમાં ઓછી છે. આ વેબસાઈટ ભારતમાં એક લિન્ક પર ૧૦૦૦ વ્યુ આવવાની સ્થિતીમાં ૦.૪૧ ડોલર અથવા તો ૨૬ રૂપિયા આપે છે. લિન્ક બક્સ પણ આ રીતે કામ કરે છે. આના મારફતે યુઆરએલને નાના કરીને પોતાના સોશિયલ નેટવર્ક પર અથવા તો પોતાની વેબસાઈટ પર શેયર કરી શકાય છે. ભારતમાં આ વેબસાઈટસ ૦.૯૧ ડોલર અથવા તો ૫૮ રૂપિયા પ્રતિ વ્યુ આપે છે. હાલમાં એક્સ્ટ્રા આવકની બોલબાલા છે.




Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS


Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



બાંકે બિહારી મંદિરની આસપાસ લગભગ પાંચ એકરના વિસ્તારમાં બનાવવામાં આવશે

# વૃંદાવનમાં બાંકે બિહારી જીના મંદિરમાં કોરિડોર બનાવવાનો પ્રસ્તાવ પસાર થયો

। વૃંદાવન, તા.૧૦ ।

ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં બાંકે બિહારી જીના મંદિરમાં કોરિડોર બનાવવાનો પ્રસ્તાવ પસાર થયો છે. આ પ્રસ્તાવ સોમવારે મથુરા-વૃંદાવન મ્યુનિસિપલ કોર્પોરેશનની બેઠકમાં પસાર થયો હતો. જોકે, બાંકે બિહારી જીના મંદિરમાં કોરિડોર બનાવવાનો આ પ્રસ્તાવ શાંતિપૂર્ણ રીતે પસાર થયો ન હતો, પરંતુ બેઠકમાં ઘણા હોબાળા પછી. હવે આ કોરિડોર બાંકે બિહારી મંદિરની આસપાસ લગભગ પાંચ એકરના વિસ્તારમાં બનાવવામાં આવશે. બેઠકમાં, ભાજપ સાથે સંકળાયેલા તમામ કાઉન્સિલરોએ સરકારની યોજનાને ટેકો આપ્યો હતો, જ્યારે વિપક્ષી કાઉન્સિલરોએ આ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. આ બેઠકમાં મેયર વિનોદ અગ્રવાલ, મ્યુનિસિપલ કમિશનર જગપ્રવેશ અને તમામ વોર્ડના કાઉન્સિલરો હાજર રહ્યા હતા. બેઠકમાં મેયર વિનોદ અગ્રવાલે જણાવ્યું હતું કે બાંકે બિહારી જીના દર્શન માટે દર વર્ષે આવતા ભક્તોની સંખ્યા સતત વધી રહી છે. આ જ કારણ છે કે દેશની સુપ્રીમ કોર્ટના આદેશ પછી, યોગી સરકાર બાંકે બિહારી જીના મંદિરમાં કોરિડોર બનાવવા માંગે છે.મેયર વિનોદ અગ્રવાલે આ કહ્યું કે તરત જ, બધા ભાજપ અને તેના સાથી કાઉન્સિલરો બાંકે બિહારી જીના નારા લગાવવા લાગ્યા. બાંકે બિહારી મંદિર વિસ્તારના કોંગ્રેસના કાઉન્સિલર ઘનશ્યામ ચૌધરીએ આ પ્રસ્તાવનો સખત વિરોધ કર્યો હતો. તેમણે ખાતરી પણ આપી હતી કે સરકાર દરેકના પુનર્વસન માટે વ્યવસ્થા કરશે.

### ગરમીનો ત્રાસ... હિમાચલમાં દિલ્હી જેટલું તાપમાન, લોકો ખરાબ હાલતમાં

# દેશના મોટાભાગના ભાગોમાં ભારે ગરમી પડી રહી છે । દિલ્હીવાસીઓ તડકાનો સામનો કરી રહ્યા છે

## રાજધાનીમાં ભારે ગરમી રહેશે । મહત્તમ તાપમાન ૪૪ અને લઘુત્તમ ૨૯ ડિગ્રી સેલ્સિયસ રહી શકે । હિમાચલ પણ દિલ્હી જેવી જ ગરમીનો સામનો કરી રહ્યું છે

। નવીદિલ્હી, તા.૧૦ ।

હાલમાં દેશના મોટાભાગના ભાગોમાં ભારે ગરમી પડી રહી છે. દિલ્હીવાસીઓ તડકાનો સામનો કરી રહ્યા છે. તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. એટલું જ નહીં, આગામી દિવસોમાં દિલ્હીનું તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. દિલ્હીની જેમ, પહાડી રાજ્ય હિમાચલની પણ હાલત એવી જ છે, જ્યાં ગરમીને કારણે લોકો ખરાબ હાલતમાં છે.



હિમાચલ પણ દિલ્હી જેવી જ ગરમીનો સામનો કરી રહ્યું છે. હવામાન આગ ફેલાવી રહ્યું છે અને ગરમી વધી રહી છે. હિમાચલ પ્રદેશનું તાપમાન સતત વધી રહ્યું છે. ૧૦ જૂને ઉના અને શિમલામાં આ વર્ષનો સૌથી ગરમ દિવસ હતો. જ્યાં દિલ્હીવાસીઓ ૪૦ ડિગ્રી સેલ્સિયસમાં ૫૦ ડિગ્રી સેલ્સિયસની ગરમી અનુભવી રહ્યા છે. હિમાચલના હવામાનની પણ આવી જ સ્થિતિ છે. અહીંના તડકા અને વધતા તાપમાનથી લોકો ખૂબ જ પરેશાન છે.

હિમાચલ પ્રદેશમાં સૌથી વધુ તાપમાન કુલ્લુના સેઉબાગમાં ૨.૪ ડિગ્રી સેલ્સિયસ, નેરીમાં ૨.૩ ડિગ્રી સેલ્સિયસ, મંડી અને શિમલામાં ૨.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ૧૦ જૂને હવામાન ખૂબ જ ગરમ હતું અને ઘણી જગ્યાએ ગરમીના મોજા ફૂંકાઈ રહ્યા છે. ગયા વર્ષ કરતાં આ જૂનમાં શિમલા વધુ ગરમ છે. ઉના સહિત રાજ્યમાં ઘણી જગ્યાએ ગરમીના મોજા એટલે કે ગરમ પવનો ફૂંકાયા.

જોકે, હવામાન વિભાગે આગાહી કરી છે કે તેમના મતે, ૧૨ જૂને રાજ્યમાં તોફાન આવી શકે છે અને વીજળી પડવાની પણ શક્યતા છે. આ સાથે, આ સમય દરમિયાન જોરદાર પવન ફૂંકવાની શક્યતા છે. આ પછી, પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાની ધારણા છે. આવી સ્થિતિમાં, ૧૫ જૂને હિમાચલના લોકોને ગરમીથી થોડી રાહત મળી શકે છે. શિમલા અને ઉના સહિત હિમાચલના ૧૩ સ્થળોએ મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીથી ઉપર નોંધાયું હતું. નેરીમાં સૌથી વધુ ૪૨.૬ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. આ રીતે, પહાડી રાજ્યમાં પણ દિલ્હી જેવી ગરમી અને તાપમાનનો અનુભવ થઈ રહ્યો છે. લોકો ઘરની બહાર નીકળતાની સાથે જ તડકાના કારણે પરસેવાથી છલકાઈ રહ્યા છે. લોકોને ફક્ત પંખાથી રાહત મળી રહી નથી.

રાજધાનીમાં દિવસભર સ્વચ્છ આકાશ અને તેજસ્વી સૂર્યપ્રકાશને કારણે,એનસીઆરના લોકો ગરમીથી પીડાતા હતા. રાજધાનીમાં ભારે ગરમી રહેશે. મહત્તમ તાપમાન ૪૪ અને લઘુત્તમ ૨૯ ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે.

## ''અંધારું જેટલું ઘેરું હશે, સવાર એટલી જ નજીક આવશે : તેજ પ્રતાપ

। પટણા, તા.૧૦ ।

ઘર અને પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવેલા ભૂતપૂર્વ મંત્રી તેજ પ્રતાપ યાદવે ફરી એકવાર સોશિયલ મીડિયા પર એક ભાવનાત્મક પોસ્ટ પોસ્ટ કરી છે. ઈત્નઢ વડા લાલુ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવે તેમના પિતાના ફોટા સાથે પોતાના ઠ હેન્ડલ પર લખ્યું છે ''અંધારું જેટલું ઘેરું હશે, સવાર એટલી જ નજીક આવશે''. તસવીરમાં લાલુ યાદવ હસતા જોવા મળે છે અને તેજ પ્રતાપ યાદવ તેમના પિતાને ગળે લગાવતા જોવા મળે છે.લાલુ યાદવના મોટા દીકરા તેજ પ્રતાપ યાદવે ચિત્ર સાથે જે કંઈ લખ્યું છે તેનું અલગ અલગ રીતે અર્થઘટન થઈ રહ્યું છે. ફક્ત તે જ જાણે છે કે તેમના મનમાં શું છે, પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું છે કે ઘરમાંથી કાઢી મૂક્યા પછી પણ તેઓ લાલુ યાદવ સાથે ભાવનાત્મક રીતે જોડાયેલા છે.આ પહેલા ૭ જૂનના રોજ, તેજ પ્રતાપ યાદવે તેમના ઠ હેન્ડલ પર તેમના સમર્થકો સાથે કેટલીક તસવીરો શેર કરી હતી અને કહ્યું હતું કે 'સત્યના માર્ગ પર ચાલનાર વ્યક્તિ હંમેશા વિજયી થાય છે'. તેમણે એમ પણ લખ્યું હતું કે આપણે હંમેશા સત્યના માર્ગ પર ચાલવું જોઈએ. સત્યનો માર્ગ મુશ્કેલ છે પરંતુ વિજય હંમેશા સત્યના માર્ગ પર ચાલનાર વ્યક્તિને મળે છે. રાજા હરીશચંદ્રએ સત્યના માર્ગ પર ચાલીને પોતાનું ખોવાયેલ ગૌરવ પાછું મેળવ્યું.

## ભાજપ લઘુમતીઓના દિલ જીતવાની યોજના બનાવી રહી છે

। નવીદિલ્હી, તા.૧૦ ।

